# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે માર્ચ-૨૦૨૩માં લેવાયેલ ગુજકેટ-૨૦૨૩ પરીક્ષાનું પરિણામ તા.૦૨/૦૫/૨૦૨૩ના રોજ જાહેર કરવામાં આવેલ હતું. પરિણામ બાદ નિયત સમયમર્યાદામાં **OMR COPY** અને તેનો **Verification Report** મેળવવા માટે મળેલ અરજીઓ પરત્વે **OMR COPY** અને **Verification Report** બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન મૂકવામાં આવેલ છે. અરજી કરેલ ઉમેદવારો પોતાની **OMR COPY** અને તેનો **Verification Report** બોર્ડની વેબસાઈટ **www.gseb.org** અથવા **gujcet.gseb.org** પરથી તા. ૧૬/૦૬/૨૦૨૩ થી તા. ૨૬/ ૦૬/૨૦૨૩ સુધી તેમના દ્વારા કરવામાં આવેલ અરજીની વિગત (બેઠક નંબર, મોબાઈલ નંબર અને પાસવર્ડ) એન્ટર કરી, લોગઈન થઈ ઓનલાઈન ડાઉનલોડ કરી શકશે.

દરેક ઉમેદવારે **OMR COPY** અને તેનો **Verification Report** ફક્ત ઓનલાઈન માધ્યમથી જ ડાઉનલોડ કરવાના હોઈ સમયમર્યાદામાં ડાઉનલોડ કરી લેવાના રહેશે. શાળા કે વિદ્યાર્થીઓને ટપાલ દ્વારા જવાબ મોકલવાની પદ્ધતિ અમલમાં નથી. જેની શાળાના આચાર્યશ્રી, વાલી તથા તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવા વિનંતી.

તારીખ:-૧૬/૦૬/૨૦૨૩
સ્થળ :- ગાંધીનગર

નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર